# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. **સંસદના બંને ગૃહમાં આજે કેન્દ્રીય અંદાજપત્ર 2026-27 પર ચર્ચા.**
2. **લોકસભા સચિવાલયે અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાની માગ કરતી અવિશ્વાસ દરખાસ્તની નોટિસમાં ભૂલો ઓળખી કાઢી.**
3. **શ્રીલંકાના કોલંબોમાં જાહેર પ્રદર્શન બાદ ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો આજે ભારત આવવા રવાના.**
4. **કેનેડાની એક શાળામાં થયેલા ગોળીબારમાં દસ લોકોના મોત.**
5. **ICC પુરુષ T-20 વિશ્વ કપમાં , આજે દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને 188 રનનો લક્ષ્યાંક આપ્યો.**

,.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS - RS Q HOUR

લોકસભામાં કેન્દ્રીય બજેટ 2026-27 પર ચર્ચા ફરી શરૂ થઈ છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે 1લી ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કર્યું હતું. ચર્ચામાં ભાગ લેતા, LJP (R) ના અરુણ ભારતીએ કેન્દ્રીય બજેટને રાષ્ટ્રના વિકાસ માટેનું બજેટ ગણાવતા કહ્યું કે તે 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો પાયો નાખશે.

સિક્કિમ ક્રાંતિકારી મોરચાના ઇન્દ્ર હાંગ સુબ્બાએ જણાવ્યું હતું કે બજેટમાં સમાજના તમામ વર્ગોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. AAPના ડૉ. રાજકુમાર ચબ્બેવાલે આરોપ લગાવતા દેશના લોકો માટે કેન્દ્રીય બજેટમાં કંઈ નક્કર નથી તેમ કહ્યું હતું. તેમણે કહ્યું કે બજેટમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશન માટે ફાળવણી ઘટાડવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . .

# RS- ZERO HOUR

રાજ્યસભાની કાર્યવાહી ચાલી રહી છે. રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણનની પરવાનગીથી વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ તાત્કાલિક મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા.

ભાજપના ડૉ. લક્ષ્મીકાંત બાજપેયીએ ઉત્તર પ્રદેશમાં  બીજી એઇમ્સ હોસ્પિટલ સ્થાપવાની માંગ કરી. અન્ય સભ્યોએ પણ પોતાના મુદ્દાઓ ઉઠાવ્યા.

. . . . . . . . . . . . . . . . . .

# LS- BILL

ઔદ્યોગિક સંબંધો સંહિતા (સુધારા) બિલ, 2026 આજે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ શૂન્યકાળ દરમિયાન ગૃહમાં બિલ રજૂ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

# KIREN-RIJIJU- RAHUL GANDHI

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓનો ગૃહમાં રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ બાબત છે ત્યારે તેમણે શ્રી ગાંધીને રાજકીય લાભ માટે આવા મુદ્દાઓ ઉઠાવવાનું ટાળવા વિનંતી કરી. લોકસભા અધ્યક્ષને હટાવવા અંગેની નોટિસ પર નિવેદન આપતા શ્રી રિજિજુએ કહ્યું, કે આવા મામલાઓ સાથે વ્યવહાર કરવા માટે ગૃહમાં સુસ્થાપિત ધોરણો અને પ્રક્રિયાઓ છે.

## બાઇટ : KIREN-RIJIJU-SPEAKER

. . . . . . . . . . . . . . . . . .

# LS - SOLAR ENERGY

દેશમાં ઘરેલુ સૌર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા 144 ગીગા વોટ સુધી પહોંચી છે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે , પહેલા સૌર ઉર્જા ઉત્પાદન ફક્ત છ થી સાત ગીગા વોટ હતું અને હવે વધેલી ક્ષમતા સાથે, દેશ તેની નિકાસ કરવાની સ્થિતિમાં છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,

## (બાઈટ – પ્રહલાદ જોષી)

. . . . . . . . . . . . . . . . .

# LS - SPEAKER

લોકસભા સચિવાલયને વિપક્ષના સાંસદો દ્વારા રજૂ કરાયેલી અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ દરખાસ્તની નોટિસમાં કેટલીક ખામીઓ મળી છે. લોકસભા સૂત્રોના જણાવ્યા અનુસાર , વિપક્ષોએ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં બનેલી ચાર ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો , અને આ કારણોના આધારે , નિયમો અનુસાર નોટિસને નકારી શકાય તેમ હતું.

જોકે અધ્યક્ષ ઓમ બિરલાએ નિયમો અનુસાર આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત પછી નોટિસની યાદી બનાવવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે સુધારેલી નોટિસ મળ્યા પછી , તેની નિર્ધારિત નિયમો અનુસાર તપાસ કરવામાં આવશે. કોંગ્રેસ , ડીએમકે, સમાજવાદી પાર્ટી, આરજેડી અને ડાબેરી સહિત વિપક્ષના 118 સભ્યોએ ગઇકાલે શ્રી બિરલા સામે અવિશ્વાસ દરખાસ્તની નોટિસ રજૂ કરી હતી.

જોકે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા ન હતા. દરમિયાન લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જ્યાં સુધી વિપક્ષ દ્વારા તેમની સામે લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવનો ઉકેલ ન આવે ત્યાં સુધી તેઓ ગૃહની કાર્યવાહીમાં ભાગ લેશે નહીં તેવો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ- BUDGET

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે કેન્દ્રીય અંદાજપત્ર **2026-27** ને ઐતિહાસિક અને ભવિષ્યલક્ષી ગણાવ્યું હતું અને તે દેશ તેમજ પૂર્વોત્તર ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન લાવશે.

આસામના ગુવાહાટીમાં મીડિયા સાથે વાત કરતા , કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય અંદાજપત્રમાં આસામ અને સમગ્ર પૂર્વોત્તરને એક મુખ્ય વિકાસ એન્જિનમાં રૂપાંતરિત કરવાના હેતુથી રેકોર્ડ નાણાકીય ફાળવણી કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું, કેન્દ્ર સરકાર આસામમાં મહત્વપૂર્ણ અને દુર્લભ ખનિજો માટે એક કોરિડોર વિકસાવશે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . . . . . . . .**

# DEVNIMORI RELICS- SRI LANKA

શ્રીલંકાના કોલંબોમાં આવેલા પવિત્ર ગંગારામાયા મંદિરમાં એક અઠવાડિયા સુધી ચાલેલા જાહેર પ્રદર્શન બાદ ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષો આજે ભારત માટે રવાના થયા. સંસ્કૃતિ મંત્રાલયે માહિતી આપી હતી કે શ્રીલંકાના મંત્રીઓ અને શ્રીલંકામાં ભારતના ઉચ્ચ કમિશનરની હાજરીમાં ભંડારનાયકે આંતરરાષ્ટ્રીય હવાઇમથક પર ઔપચારિક પ્રસ્થાન થયું.

પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન માટે વિદેશ લઈ જવામાં આવેલા પવિત્ર અવશેષોને ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા પરત લાવવામાં આવી રહ્યા છે. આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ મધ્યપ્રદેશના રાજ્યપાલ મંગુભાઈ પટેલ અને અરુણાચલ પ્રદેશના નાયબ મુખ્યમંત્રી ચૌના મેઈન , વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ અને અધિકારીઓએ કર્યું હતું.

ગયા વર્ષે એપ્રિલમાં શ્રીલંકાની તેમની રાજ્ય મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રદર્શનની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

# VP PM SHAH - DEENDAYAL

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે પંડિત દીનદયાળ ઉપાધ્યાયને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં , ઉપરાષ્ટ્રપતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાયને એક સ્વપ્નદ્રષ્ટા વિચારક અને રાષ્ટ્રનિર્માતા ગણાવ્યા.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયના સિદ્ધાંતો અને વિચારો , મૂલ્યોમાં મૂળ ધરાવતા , દેશની દરેક પેઢી માટે માર્ગદર્શક પ્રકાશ બની રહેશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અસંખ્ય પેઢીઓ માટે રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણાના શાશ્વત સ્રોત બની રહેશે.

. . . . . . . . . . . . . . . . . .

# AP CM - UNION MINS

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ દિલ્હીની મુલાકાત દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને આંધ્રપ્રદેશની રાજધાની તરીકે અમરાવતીને કાયદેસરનો દરજ્જો આપવા વિનંતી કરી છે. મુલાકાતના ભાગ રૂપે , મુખ્યમંત્રી ગૃહમંત્રી અમિત શાહ અને નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સહિત સાત કેન્દ્રીય મંત્રીઓને મળ્યા હતા.

તેમણે રાયલસીમાને બાગાયતી કેન્દ્ર તરીકે વિકસાવવા માટે પૂર્વોદય યોજના હેઠળ નાણાકીય સહાયની માંગ કરી અને વિવિધ કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ માટે કેન્દ્રનો હિસ્સો મુક્ત કરવાની વિનંતી કરી.

. . . . . . . . . . . . . . . . . .

# UTTARAKHAND - CHAR DHAM YATRA

ઉત્તરાખંડ સરકારે રાજ્યમાં પર્યટન અને ધાર્મિક પ્રવૃત્તિઓને સુરક્ષિત , વધુ સંગઠિત અને વધુ આકર્ષક બનાવવા માટે તૈયારીઓને વેગ આપ્યો છે. શિયાળાની ઋતુના અંત પછી , વિશ્વ-પ્રસિદ્ધ ચાર ધામ યાત્રાના પ્રારંભ માટે વ્યાપક વહીવટી આયોજન ચાલી રહ્યું છે.

રાજ્યના પર્યટન અને ધાર્મિક બાબતોના મંત્રી સતપાલ મહારાજે જણાવ્યું હતું કે સરકારનો ઉદ્દેશ યાત્રાળુઓ અને પ્રવાસીઓને સુરક્ષાની મજબૂત ભાવના સાથે સારી સુવિધાઓ પૂરી પાડવાનો છે. તેમણે માહિતી આપી હતી કે આ વર્ષની ચાર ધામ યાત્રા દરમિયાન એક નવી પહેલ શરૂ કરવામાં આવશે , જેના હેઠળ યાત્રાળુઓને વીમા સુવિધા પૂરી પાડવામાં આવશે.

## બાઇટ : SATPAL-BYTE1-UTTARKHAND

. . . . . . . . . . . . . . . . .

# CANADA SHOOTING

કેનેડાના ટમ્બલર રિજની એક શાળામાં થયેલા ગોળીબારમાં દસ લોકો માર્યા ગયા અને 12 જેટલા લોકો ઘાયલ થયા. પોલીસે પુષ્ટિ આપી છે કે બંદૂકધારીનું પણ આત્મહત્યા કરવાથી મૃત્યુ થયું હતું.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે શાળાની અંદર છ લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા. હોસ્પિટલ લઈ જતા રસ્તામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું , અને બે વધુ લોકો આ ઘટના સાથે જોડાયેલા હોવાનું માનવામાં આવતા નિવાસસ્થાનેથી મળી આવ્યા હતા. હાલ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . . . .

# REV. DAY ICC MEN'S T20 WORLD CUP

ICC પુરુષ T-20 વિશ્વ કપમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને જીતવા 188 રનનો લક્ષ્યાંક આપ્યો છે. અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. છેલ્લા અહેવાલ પ્રમાણે અફઘાનિસ્તાને 9 ઓવરમાં 3 વિકેટે 82 રન થયા છે.

. . . . . . . . . . . . . . . . . .